સુવિચાર : વિદ્યાની સેવા નથી, તપનો સત્કાર નથી, સત્યનું શાસન નથી... ત્યાં ધર્મ નથી - કનૈયાલાલ મુન્શી

તાપમાન
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૦ | ૩૦ ઓગસ્ટ, ૨૦૧૫, રવિવાર ; શ્રાવણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- અમરનાથ યાત્રા સંપન્ન: કોઇ અનિચ્છનીય બનાવ ન બન્યા
- વસંતીબેને મોકલાવેલી રાખડી વડાપ્રધાને બાંધી
- દેશમાં રોજ ૨૦૦૦ શિશુના મોત થાય છે
- તેલ આયાતથી બચતનો સુરક્ષા યોજના પર ખર્ચ કરવા તૈયારી
- શ્રીનગરમાં આર્મી કેમ્પમાં ધડાકો : ૧૨ જવાન ઘાયલ
- શીના બોરા હત્યાકાંડ મામલે અવશેષોને ફોરેન્સિક તેમજ ડીએનએ માટે મોકલી દેવાયા
- દેશમાં પોલીસ દળમાં હજુ ૨૪.૮ ટકા જગ્યા ખાલી છે
- એપલ ૯મી સપ્ટેમ્બરે નવા આઇફોનને લોંચ કરી દેશે
- યુએસ ઓપન : નડાલ અને જોકોવિક સામ સામે આવશે

# કુંભ મેળામાં પ્રથમ શાહી સ્નાન



### આશરે ૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા : વહેલી પરોઢે નાસિક તથા ત્ર્યંબકેશ્વરમાં શ્રદ્ધાળુઓ એકત્રિત થયા : અખાડાના લોકો પણ જોડાયા : શ્રદ્ધાળુઓની સુવિધા માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

નાસિક,તા. ૨૯

નાસિકમાં હાલમાં ચાલી રહેલા સિંહસ્થ કુંભ મેળામાં આજે શનિવારે શ્રાવણ પુર્ણિમાના પ્રથમ શાહી સ્નાનને લઈને શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આશરે એક કરોડ લોકો આજે પહોચ્યા હતા. દેશના જુદા જુદા ભાગોમાંથી મોટી સંખ્યામા લોકો પહોંચ્યા હતા. શાહી સ્નાન પહેલા નાસિક અને આસપાસના વિસ્તારોમાં લાખો લોકો ભેગા થયા હતા. વહેલી પરોઢે ૪.૧૬ વાગે બ્રહ્મમુહૂર્તમાં ગોદાવરી નદીમાં પવિત્ર સ્નાન કર્યું હતું. હવે બીજા શાહી સ્નાનની પ્રક્રિયા ૧૩મી અને ત્રીજા શાહી સ્નાનની પ્રક્રિયા ૧૮મી સપ્ટેમ્બરે યોજાશે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. નાસિકમાં કુંભને લઈને લાખોની સંખ્યામાં લોકો પહોંચી ચુક્યા છે. આસ્થાના પ્રતિક સમાન સૌથી મોટા ધાર્મિક આયોજન સિહસ્થ કુભ નાસિકની શરૂઆત થયા બાદ આજે પ્રથમ શાહી સ્નાનની પ્રક્રિયા સવારે શરૂ થઈ હતી.પહેલાથી જ લાખો લોકો ગોદાવરી નદીના કુશાવર્ત અને રામકુંડમાં ડુબકી લગાવવા માટે ઉત્સુક બની ગયા હતા. હિન્દુ કેલેન્ડરની દ્રષ્ટિએ આ દર ૧૨ વર્ષમાં આયોજિત કરવામાં આવે છે. દેશના તમામ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો આ મેળામાં ભાગ લેવા માટે પહોંચી રહ્યા છે. દેશના વિવિધ ભાગોમાંથી ૫૦થી વધારે અખાડાના સાધુ સંતોની સાથે સાથે લાખો શ્રદ્ધાળુઓ આમાં ભાગ લઈ રહ્યા છે. ૧૪મી જુલાઈના દિવસે કુંભ મેળાની મંગળ શરૂઆત થઈ હતી. કુભ મેળો હવે ૨૫મી સપ્ટેમ્બર સુધી ચાલનાર છે.

આશરે અઢી મહિના સુધી ચાલનાર આ મેળામાં પાંચ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચે તેવા સંકેત દેખાઇ રહ્યા છે.

### ક્યારે - ક્યારે શાહી સ્નાન

- ૧૩મી સપ્ટેમ્બરના દિવસે બીજુ શાહી સ્નાન
- ૧૮મી સપ્ટેમ્બરના દિવસે ત્રીજુ શાહી સ્નાન
- ૨૫મી સપ્ટેમ્બર વામન દ્વાદ્વર્શી સ્નાન

## આંદોલનકારીઓ અને સરકારના એક મંત્રી વચ્ચે મંત્રણા

ગાંધીનગર, તા. ૨૯

અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ સહીતના આગેવાનો અને સરકારના એક મંત્રી વચ્ચે આજે ગુપ્ત મંત્રણા બેઠક મળી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત ૨૫મી ઓગષ્ટના રોજ અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ દ્વારા અમદાવાદ ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી બાદ સાંજે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે પોલીસ દ્વારા લાઠીચાર્જની ઘટના બનતા રાજ્યમાં તોફાનો શરૂ થઈ ગયા હતા.

રાજ્યમાં બનેલા તોફાનોથી સરકાર મુશ્કેલીમાં મુકાતા હવે રાજ્ય સરકારે આંદોલનકારીઓ સાથે પુનઃ મંત્રણાનો દોર શરૂ કર્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે અમદાવાદ ખાતે એક અજ્ઞાત સ્થળે અનામત આંદોલન

● અનુસંધાન પાન-૭ પર

## ટૂંક સમયમાં ૧૨૫ રૂપિયાનો સિક્કો જારી કરાશે

અમદાવાદ, તા.૨૯

સવિધાનના નિર્માતા ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જંયતિ પર કેન્દ્ર સરકાર ૧૨૫ રૂપિયાના સિક્કા પ્રદર્શિત કરી શકે છે. આ સિક્કા પ્રદર્શિત કરી સરકાર પોતાના તરફથી સમાજ સુધારક આંબેડકરને શ્રદ્ધાજલિ આપવા માંગે છે. ૧૪ એપ્રિલ ૧૮૯૧માં જન્મેલા આંબેડકરના જંયતિને લઈ રાજનૈતિક જગતમાં ખેચતાળા જોવા મળી રહી છે. કેન્દ્ર સરકાર જ્યાં એનના ૧૨૫મી જંયતિ વર્ષેને ધૂમધામથી મનાવવાની તૈયારીમાં છે. ત્યાં કોંગ્રેસ પણ સરકારી કાર્યક્રમોમાં આખા વર્ષ ભર તમામ આયોજન કરવાની યોજના બનાવી રહી છે. સૂત્રો મુજબ, વિત અને સામાજિક ન્યાયમંત્રાલયની વચ્ચે સિક્કાના આકાર અને કિંમતને લઈને વાતચીત ચાલી રહી છે.

## સિવિલમાં હવે અલાયદી ફિવર ઓ.પી.ડી.

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફીવર ઓ.પી.ડી. નામનો અલાયદો વિભાગ શરૂ કરવાનો નિર્ણય સિવિલના સત્તાવાળાઓએ લીધો છે.

રૂમ નં. ૨ ખાતે શરૂ કરાયેલ આ ફીવર ઓ.પી.ડી.માં જ ડૉક્ટરની તપાસની સાથે સાથે લેબોરેટરીની પણ ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. જેથી દર્દીને તાવ શાનો છે તેનુ ઝડપથી નિદાન શક્ય બનશે અને દવા પણ આપવામાં આવશે.

ભાદરવા મહિનામાં વાયરલ તેમજ મેલેરિયાના કેસોની સંખ્યામાં સામાન્યતઃ વધારો જોવા મળતો હોય છે.

જો કે ગાંધીનગરમાં સતત બદલાતા રહેતા હવામાનને કારણે વાઈરલ તાવના દર્દીઓની સંખ્યા આ વખતે વધવા પામી છે. જો કે મેલેરિયાના દર્દીઓ પણ સારી એવી સંખ્યામાં નોંધાઈ રહ્યા હોવાથી તંત્રએ ફિવર ઓ.પી.ડી.નો

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ શહેર કર્ફ્યુ મુક્ત

અમદાવાદ, તા.૨૯

ગત ૨૫મી મંગળવારે રાત્રે ફાટી નીકળેલા તોફાનો બાદ નવ વિસ્તારોમાં કર્ફ્યુ લગાવવા માટે હતો. હિંસાના બે દિવસ પછી શહેરમાં શાંતિ પ્રસરતા પોલીસે ઘાટલોડિયા, નારણપુરા અને વાડજમાંથી કર્ફ્યુ હટાવી દીધો હતો. તે પછી અન્ય છ વિસ્તારોમાં શાંતિનો માહોલ સર્જતા તેમજ જનજીવન સામાન્ય બની રહેતા તમામ વિસ્તારોમાંથી આજે વહેલી સવારે કર્ફ્યુ હટાવી લેવામાં આવ્યો હતો. સૂત્રો મુજબ, ચાર દિવસ હિસાં માહોલ વચ્ચે રક્ષા બાદ આજે લોકો આનંદથી રક્ષાબંધનનો તહેવાર ઊજવી શકે તે માટે આજે કર્ફ્યુમાં રાહત આપવા હાઈકોર્ટ સરકારને આદેશ આપ્યો હતો જે વિસ્તારમાં હિંસાનું વાતાવરણ સર્જાય તેવી પરિસ્થિતિ લાગે તો સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી કાયદો વ્યવસ્થા જાળવી રાખવા હાઈકોર્ટ આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટના આદેશ બાદ પોલીસે આજે વહેલી સવારે બાકીના વિસ્તારો રામોલ, નિકોલ, બાપુનગર, ઓઢવ, નરોડા અને કૃષ્ણનગરમાંથી કર્ફ્યુ મુક્ત બન્યું હતું.

ગાંધીનગર સમાચાર
सुर factory
मुंबई, प्रस्तुत
सात सुरोंसे बनती है सरगम...सा, रे, ग, म, प, ध, नी,
हम बनायेंगे हरदम... सा, रे, ग, म, प, ध, नी,
सुर एक... रूप अनेक...
सुरीली संगीत संध्या
प्रविणकुमार
एक अद्भूत आवाज़
सह गायीका
कोशा पंड्या
साथमें..."हनी"मनोज सक्सेना, प्रदिप सोनी, कलापी व्यास, समीर मीर और कोरस
गांधीनगर टाउन हॉल, सेक्टर-17, गांधीनगर.
ता. 5-9-2015, 8.30 pm to 11.30 pm
Ticket Available: ₹150/- ₹200/- ₹300/-
FREE HOME DELIVERY
For Ticket Booking, Sponsorship & Group Bookiing
Call / SMS / Whatsapp
87350 76631( Ashok Bhojak ) 72289 16777(Deven Acharya)
72290 16777( Kirit Acharya )
E-Mail : surfactory7@gmail.com
Special Offer
Discount on Minimum 10 Tickets purchase

green space...
dream space...
NIRMAN GREENS
RESIDENTIAL PLOTS - 2 BHK BUNGLOWS - SHOPS
શોપ્સ
● ડેવલોપ કોમન પ્લોટ
● પાકા રસ્તા
● અદ્યતન કલબ હાઉસ
● એનએ, પ્લાન પાસ
● ટાઇટલ ક્લીયર
● લોન પેપર્સ ઉપલબ્ધ
બંગલોઝ
NIRMAN since 1975
ટુંક સમયમાં પઝેશન
સાઈટ : કતપુર ટોલનાકા પાસે, ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે, પ્રાંતિજ.
સંપર્ક : પ્રશાંત શાહ - ૦૯૯૭૯૮ ૫૫૭૦૧ । ચેતન શાહ - ૦૯૮૨૫૩ ૨૪૫૮૦ । પ્રતિકસિંહ વાઘેલા - ૦૯૭૧૨૯ ૭૬૭૦૧





ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

વૈદરાજ
વજન વધારવા / ઘટાડવાના
ખાસ અનુભવી નિષ્ણાત
સંપૂર્ણ આયુર્વેદિક પદ્ધતિ દ્વારા ઘરે બેઠા સારવાર મેળવો.
જન્માષ્ટમી સુધી ૫૦% રાહત દરે સારવાર
મો. ૮૪૧૪૩૩૭૧૮